Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

વર્ષ : ૩૬ ● અંક : ૫૦
તા.૨૬-૦૩-૨૦૨૦, ગુરૂવાર
સંવત ૨૦૭૬ ચૈત્ર સુદ - ૦૨
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૪૨ સૂર્યાસ્ત : ૦૬:૫૨

તાપમાન: ડીસા ૩૦.૬ | અમદાવાદ ૩૧.૨ | ગાંધીનગર ૩૨.૪ | વડોદરા ૩૦.૮ | સુરત ૩૧.૮ | નલિયા ૩૨.૦

ચાંદી : ૩૭,૦૦૦ સોનું : ૪૧,૫૦૦

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71
Facebook.com/rakhewal

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૭૫ વર્ષ...



ઘરમાં રહો... સુરક્ષિત રહો...
રખેવાળ દ્વારા જનહિતમાં પ્રકાશિત


# કોરોના સામે જંગ ૨૧ દિન બાદ જ જીતાશે : મોદી

## કાશીની પ્રજા સાથે વડાપ્રધાને વિવિધ મુદ્દે વાતચીત કરી : ગરીબ-અમીર તમામ લોકોને કોરોના પોતાના મજબૂત સકંજામાં લઈ શકે છે : ડોક્ટરો કટોકટીના સમયમાં ભગવાન સમાન છે : લોકોની સેવા કરવા અપીલ

વારાણસી

કોરોના વાયરસને લઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે દેશમાં ૨૧ દિવસના લોકડાઉનની જાહેરાત કર્યા બાદ વારાણસીના લોકો સાથે વાતચીત કરી હતી. પોતાના સંસદીય મતવિસ્તારના લોકો સાથે વાતચીત કરીને તેમના પ્રશ્નોના જવાબ પણ આપ્યા હતા. પોતાના સંબોધનની શરૂઆતમાં વડાપ્રધાને કહ્યું હતું કે, નવરાત્રિના પ્રથમ દિવસે માતા શૈલપુત્રીની પુજા થાય છે તેમને પ્રકૃત્તિની દેવી પણ કહેવામાં આવે છે. આજે દેશ જે સંકટના દોરમાં છે તેમાં અમને તેમના આશીર્વાદની જરૂર દેખાઈ રહી છે. તેમની માતા શૈલપુત્રીને પ્રાર્થના છે કે, કોરોનાની સામે દેશે જે યુદ્ધ છેડી દીધું છે તેમા અમને વિજય મળે. તેમણે કહ્યું હતું કે, કાશીના સાંસદ હોવાના કારણે કટોકટીના સમયમાં તેમની વચ્ચે રહેવાની જરૂર હતી પરંતુ દિલ્હીમાં જે થઇ રહ્યું છે તેનાથી તમામ લોકો વાકેફ છે.

અહીના વ્યસ્ત કાર્યક્રમ છતાં તેઓ કાશી સાથે વારંવાર જોડાઈ રહ્યા છે. તેમણે યાદ અપાવતા કહ્યું હતું કે, મહાભારતનું યુદ્ધ ૧૮ દિવસમાં જીતવામાં આવ્યું હતું. કોરોનાની સામે જે યુદ્ધ અમે લડી રહ્યા છે તેને જીતવા માટે ૨૧ દિવસનો સમય લાગશે. મહાભારતના યુદ્ધના સમયે ભગવાન કૃષ્ણ સારથી તરીકે હતા. આજે ૧૩૦ કરોડ સારથીઓના આધાર પર અમે આ યુદ્ધ જીતવા જઈ રહ્યા છે. વડાપ્રધાને કહ્યું હતું કે, કોરોનાની સામે આ યુદ્ધમાં કાશી અથવા તો વારાણસીના લોકોની સૌથી મહત્વની ભૂમિકા રહેશે. લોકડાઉનના સમયમાં વારાણસી દેશને સંયમ અને સહનશીલતા માટે માર્ગદર્શન આપે છે. કાશીનો અર્થ કલ્યાણ તરીકે થાય છે. મહાદેવની નગરીમાં જો આ તાકાત રહેશે નહીં તો અન્ય કોનામાં રહેશે. કોરોનાને લઈને દેશમાં વ્યાપક તૈયારી ચાલી રહી છે પરંતુ અમને ધ્યાન રાખવું છે કે, ઘરમાં રહેવાની બાબત જ એકમાત્ર વિકલ્પ છે.


ઘરમાં રહો... સુરક્ષિત રહો...
રખેવાળ દ્વારા જનહિતમાં પ્રકાશિત


### તૈયાર પેકેજના સંદર્ભમાં ટૂંકમાં જ જાહેરાત થશે

## કોરોના વિરૂદ્ધ લડવા ૧.૫ લાખ કરોડનું પેકેજ તૈયાર

### કોરોનાના ફેલાતા ફેલાવાને લઇને પેકેજને આખરી ઓપ

નવીદિલ્હી

દિનપ્રતિદિન વધુને વધુ ખતરનાક બની રહેલા કોરોના વાયરસ સામે લડવા માટે પેકેજની તૈયારી ભારત સરકારે પણ કરી લીધી છે. કોરોના વાયરસથી બચવા માટે ૧૩૦ કરોડથી વધુ ભારતીયો લોકડાઉનની સ્થિતિમાં છે ત્યારે રાહત આપવાના હેતુસર ટૂંકમાં જ ૧.૫ લાખ કરોડ અથવા તો ૧૯.૬ અબજ ડોલરના પેકેજની જાહેરાત કરવામાં આવશે. જાણકાર લોકોનું કહેવું છે કે, પેકેજને તૈયાર કરવાની કામગીરી ચાલી રહી છે. પેકેજની માંગ પણ ઉઠી રહી છે. સરકારે હજુ સુધી પેકેજને આખરી ઓપ આપવાની પ્રક્રિયા પૂર્ણ કરી નથી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, નાણામંત્રાલય અને રિઝર્વ બેંક વચ્ચે વાતચીત ચાલી રહી છે. નામ જાહેર નહીં કરવાની શરતે સુત્રોએ કહ્યું છે કે, ચર્ચા હજુ ચાલી રહી છે. વરિષ્ઠ સરકારી અધિકારીએ કહ્યું છે કે, સ્ટીમ્યુલસ પ્લાન ૨.૩ લાખ કરોડની આસપાસનો હોઈ શકે છે. જો કે, અંતિમ અનુસંધાન પાના નં.૨

### બનાસકાંઠા જિલ્લામાં કોમ્યુનીટી સર્વે ૧૦૦ ટકા પૂર્ણ

## કોરોના સંક્રમિત દર્દીઓની સારવાર માટે પાલનપુર અને ડીસામાં વધુ બે કોવિડ હોસ્પીટલ તૈયાર કરાઇ

### ગ્રામ્ય કક્ષાએ સરળતાથી તબીબી સારવાર મળી રહે તે માટે મોબાઇલ મેડીકલ ટીમની સુવિધા દરેક ગામમાં મળશે

રખેવાળ ન્યુઝ પાલનપુર





નોવેલ કોરોના વાયરસ કોવિડ-૨૦૧૯ને વર્લ્ડ હેલ્થ ઓર્ગનાઈઝેશન ધ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવી છે. ભારત સરકાર અને ગુજરાત સરકાર દ્વારા નોવેલ કોરોના વાયરસ કોવિદ-૨૦૧૯ને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે.

નોવેલ કોરોના વાયરસના ઝડપી સંક્રમણને રોકવા માટે સરકારની સુચના મુજબ બનાસકાંઠા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા યુધ્ધના ધોરણે કામગીરી કરવામાં આવી રહી છે. બનાસકાંઠા જિલ્લામાં કલેકટર સંદીપ સાગલેની સુચના અને માર્ગદર્શન અનુસાર આરોગ્ય વિભાગના અધિકારીઓ અને અનુસંધાન પાના નં.૨

### નોવેલ કોરોના વાયરસ સંદર્ભે

## હવે પોલીસ અધિક્ષકથી હેડ કોન્સ્ટેબલ સુધીના તમામ પોલીસ અધિકારીઓ કાર્યવાહી કરશે

### બનાસકાંઠા જિલ્લા મેજીસ્ટ્રેટએ જાહેરનામામાં સુધારો કર્યો

રખેવાળ ન્યુઝ પાલનપુર

નોવેલ કોરોના વાયરસ કોવિદ-૨૦૧૯ને વર્લ્ડ હેલ્થ ઓર્ગનાઈજેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે. જે બાબતે ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રી દ્વારા સમાંતરે નોવેલ કોરોના વાયરસ કોવિદ-૨૦૧૯ને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે. જે અનુસંધાને નોવેલ કોરોના વાયરસના ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં તકેદારીના ભાગરૂપે લોકોની અવર-જવરવાળા જાહેર અને ખાનગી સ્થળઓએ કોરોના વાયરસને ફેલાતો અટકાવવા સારૂ બનાસકાંઠા જિલ્લાના સમગ્ર વિસ્તારમાં નિયંત્રણો મુકવામાં આવેલ છે. શ્રી સંદિપ સાગલે, (આઈ.એ.એસ.), જિલ્લા મેજીસ્ટ્રેટ, બનાસકાંઠા પાલનપુરને ગુજરાત પોલીસ અધિનિયમની ક.૩૭ (૪) તથા ફોજદારી કાર્યરીતો અધિનિયમની કલમ-૧૪૪થી મળેલ સત્તાની રૂએ પહેલાંના જાહેરનામામાં નીચે મુજબનો સુધારો કરવામાં આવ્યો છે

જે જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરિયાદ માંડવા પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીનો હોદો ધરાવતા તમામ પોલીસ અનુસંધાન પાના નં.૨

### અમદાવાદમાં પોઝિટિવ કેસોની સંખ્યા રાજ્યમાં સૌથી વધુ છે

## ગુજરાતમાં કોરોનાના વધુ ચાર કેસ નોંધાયા : કેસોની સંખ્યા ૩૯

અમદાવાદ

ગુજરાતમાં કોરોના વાયરસના કેસોની સંખ્યા વધીને ૩૯ ઉપર પહોંચી ગઈ છે જેમાં અમદાવાદમાં પોઝિટિવ કેસોની સંખ્યા સૌથી વધુ ૧૪ નોંધાઈ છે. આવી જ રીતે ગુજરાતમાં કેસોને રોકવા માટે વિવિધ પગલા લેવાઈ રહ્યા છે. એક પછી એક પગલાનો દોર જારી રહ્યો છે. રાજ્યમાં કોરોનાના ચાર કેસ નોંધાતા કેસોની સંખ્યા વધીને ૩૯ ઉપર પહોંચી છે. ગુજરાતમાં ૨૦૬૮૮ દર્દીઓ ૧૪ દિવસના ક્વોરેનટાઈન હેઠળ ૧૪૭ વ્યક્તિઓ સામે એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. આરોગ્ય વિભાગના અગ્રસચિવ જયંતિ રવિએ આજે કોરોના વાયરસના વ્યાપ અને સંક્રમણને રોકવા રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવી રહેલા પગલાની માહિતી આપી હતી. આરોગ્ય વિભાગના અગ્ર સચિવ ડૉ જયંતિ રવિએ જણાવ્યું છે કે કોરોના વાયરસને આગળ વધતો તેમજ તેનું સંક્રમણ અટકાવવા માટે રાજ્ય સરકારે સર્વેલન્સ અને ટ્રેકિંગને વધુ સઘન બનાવ્યું છે. આજ સુધીમાં રાજ્યમાં ૧,૦૭,૬૨,૦૧૨ નાગરિકોનું સર્વેલન્સ-ટ્રેકિંગ પૂર્ણ કરાયું છે. આજે સવારે કોરોના વાયરસ સંદર્ભે રાજ્ય સરકારે કરેલ કામગીરીની વિગતો મીડિયાને આપતા ડૉ. રવિએ ઉમેર્યું કે આજે રાજ્યમાં વધુ ત્રણ નવા કોરોનાના પોઝિટિવ કેસ નોંધાયા છે આ સાથે કુલ ૩૮ પોઝિટિવ કેસ નોંધાયા છે આજે જે ત્રણ કેસ નોંધાયા છે તેમાં એક અમદાવાદમાં જે દુબઈની ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવે છે અને એક-એક વડોદરા અને સુરતમાં છે જે સ્થાનિક ટ્રાન્સમિશનના કારણે નોંધાયો છે. આજદિન સુધી અમદાવાદમાં ૧૪, સુરતમાં ૦૭, રાજકોટમાં ૦૩, વડોદરામાં ૦૭, ગાંધીનગરમાં ૦૬ અને કચ્છમાં ૦૧ કોરોનાનો પોઝિટિવ કેસ નોંધાયો છે. રવિએ ઉમેર્યું હતું કે રાજ્ય સરકાર દ્વારા સર્વેલન્સની કામગીરીને વધુ સઘન બનાવાઈ છે.

## લોકડાઉન : બનાસકાંઠામાં પર્યાપ્ત માત્રામાં ખાદ્ય સામગ્રી સહિતનો જથ્થો પૂરો પાડવા માંગ


ઘરમાં રહો... સુરક્ષિત રહો...
રખેવાળ દ્વારા જનહિતમાં પ્રકાશિત


રખેવાળ ન્યુઝ ડીસા

કોરોનાની મહામારીને લઈ સમગ્ર ભારતને લોકડાઉન કરવામાં આવ્યું છે.ત્યારે ગુજરાત સરકાર રાજ્યના કોઈ પણ વ્યક્તિને જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓની ઉણપ ન રહે તે માટે સતત પ્રયત્નશીલ છે.અને દવા, ખાદ્ય સામગ્રી તેમજ પશુઓ માટે પશુ આહાર, ઘાસચારા સહિતનો જથ્થો પહોચડવા માટે પણ કાર્યશીલ છે. પરંતુ બનાસકાંઠા જીલ્લામાં હજુ પર્યાપ્ત માત્રામાં આ જથ્થો પહોચતો ન હોવાનું જાણવા મળ્યું છે. હાલમાં હોલસેલરો પાસે પણ અત્યારે પુરતો જથ્થો ન હોવાથી મુશ્કેલી ઉદભવે તેમ છે.

આથી સરકાર દ્વારા તાત્કાલિક પર્યાપ્ત માત્રામાં ખાદ્ય સામગ્રી સહિતનો જથ્થો ગામેગામ સુધી પહોચાડવામાં આવે તેવી માંગ સાથે દરેક ગૌશાળા અને પાંજરાપોળમાં પુરતો ઘાસચારા મળી રહે તેવી અમારા પ્રધિનીધીઓ સમક્ષ ગૌશાળા અને પાંજરાપોળ સંચાલકોએ વેદના વ્યક્ત કરી હતી.


ઘરમાં રહો... સુરક્ષિત રહો...
રખેવાળ દ્વારા જનહિતમાં પ્રકાશિત


### બનાસકાંઠા જિલ્લાના ૫૮ સ્પેશ્યાલીસ્ટ પ્રાઇવેટ ડાંક્ટરોએ

## કોરોના સંક્રમિત દર્દીઓની સારવાર માટે સામેથી તૈયારી દર્શાવી

રખેવાળ ન્યુઝ પાલનપુર

સમગ્ર વિશ્વ અત્યારે નોવેલ કોરોના વાયરસની મહામારી સામે ઝઝુમી રહ્યું છે. આ વાયરસને ફેલાતો અટકાવવા કેન્દ્ર સરકાર અને રાજય સરકાર દ્વારા સંખ્યાબંધ નિર્ણયો લઈ લોકોનું આરોગ્ય સચવાય તે માટે યુધ્ધના ધોરણે કામગીરી કરવામાં આવી રહી છે. આ મહામારીમાં લોકો જેને ભગવાનનું બીજુ સ્વરૂપ માને છે તેવા ડાંકટરો અને મેડીકલ સેવામાં જોડાયેલા સ્ટાફની પ્રશંસા અને સરાહના કરી રહ્યા છે. બનાસકાંઠા જિલ્લાના ૫૮ સ્પેશ્યાલીસ્ટ પ્રાઈવેટ ડાંકટરોએ કોરોના સંક્રમિત દર્દીઓની સારવાર માટે સામે ચાલીને તૈયારી દર્શાવી છે.

પ્રાઈવેટ ડાંકટરોની સમિતિએ બનાસકાંઠા કલેકટરશ્રી સંદીપ સાગલેને પત્ર લખી આ મહામારીમાં પોતાની સેવા વિનામૂલ્યે આપવાની ખાતરી આપી છે. સ્પેશ્યાલીસ્ટ ડાંકટરોમાં ફીઝીશિયન ધાનેરા-૬, પાલનપુર - ૧૩, ડીસા-૪, થરાદ - ૪ આમ કુલ-૨૭, પીડીયાટ્રીશ્યન ધાનેરા-૪, પાલનપુર- ૧૩, ડીસા-૫, થરાદ-૩ એમ કુલ-૨૫, એનેસ્થેટીક ધાનેરા-૧, પાલનપુર-૩ અને થરાદ-૨ એમ કુલ- ૬ મળી જિલ્લાના ૫૮ સ્પેશ્યાલીસ્ટ પ્રાઈવેટ ડાંકટરોએ કોરોના સંક્રમિત દર્દીઓની સારવાર માટેની સામેથી તૈયારી દર્શાવતાં જિલ્લા વહીવટીતંત્રએ તેમના નિર્ણયને વધાવી લઈ તમામ સાધન સુવિધા પુરી પાડવાની વ્યવસ્થા પણ કરી છે.


આપણે સુરક્ષિત તો રાષ્ટ્ર સુરક્ષિત

રાજ્યના ૬૦ લાખ ગરીબ પરિવારોના સવા ત્રણ કરોડ લોકોને ઘઉં, ચોખા, દાળ, ખાંડ, તથા મીઠું વિના મૂલ્યે અપાશે



૨૧ દિવસ દરમ્યાન જનતા ઘરની બહાર ન નીકળેઃ મુખ્યમંત્રીશ્રી

જનતાને તકલીફ વગર જીવનજરૂરી ચીજવસ્તુઓ પુરતા પ્રમાણમાં મળી રહે તે માટે મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શનમાં જડબેસલાક આયોજન

સંવેદનશીલ ગુજરાત સરકારનો કિસાનોના હિતમાં મહત્વપૂર્ણ નિર્ણય

રાજ્યના કિસાનોએ લીધેલા ટૂંકા ગાળાના ધિરાણ પરત કરવાનો સમયગાળો ૩૧ માર્ચથી વધુ ત્રણ માસ લંબાવવા ભારત સરકારમાં રજૂઆત, આ વધારાના સમયગાળા માટે રાજ્ય સરકાર ખેડૂતોને વ્યાજમાં રાહત આપશે

ગરીબ પરિવારોને એપ્રિલ માસમાં વ્યક્તિદિઠ ૩.૫૦ કિ.ગ્રા. ઘઉં, ૧.૫૦ કિ.ગ્રા. ચોખા તથા કુટુંબ દિઠ ૧ કિ.ગ્રા. ખાંડ તથા દાળ અને મીઠું સસ્તા અનાજની દુકાનો પરથી વિના મૂલ્યે આપવામાં આવશે

નાગરિકોને પુરતી માત્રામાં સરળતાથી દૂધ મળી રહે તે માટે ડેરી-દૂધ સંઘો પર દૂધની આવક-વિતરણ વ્યવસ્થા પર રાજ્ય સરકારના અધિકારીઓ દેખરેખ રાખશે

અન્ય રાજ્યોમાંથી ગુજરાતમાં આવતા શાકભાજી, ફળ-ફળાદિનો પુરવઠો જાળવવા મુખ્યમંત્રીશ્રીનો દિશા નિર્દેશ

નાગરિકોને શાકભાજી, ફળ-ફળાદિની અવિરત ઉપલબ્ધિ માટે ૭૫ APMCમાં સહકાર સચિવની આગેવાનીમાં દેખરેખ રખાશે

આવશ્યક ચીજવસ્તુઓનો પુરવઠો રાજ્યમાં પુરતા પ્રમાણમાં છે એટલે તેનો સંગ્રહ કરવા કે આવી ચીજવસ્તુઓ મળશે નહીં તેવો કોઈએ ડર રાખવાની જરૂર નથી -શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

# સાબરકાંઠા વાસીઓ ડોન્ટ વરી : દૂધ, શાકભાજી અને કરીયાણું હવે ઘરે બેઠા જ મળશે

**કરીયાણા એસોસિએશનની નવિન પહેલઃ જરૂરીયાતની વસ્તુઓની હોમ ડિલીવરી કરશે**




રખેવાળ ન્યુઝ હિંમતનગર

દેશમાં નોવેલ કોરોનાના સંકર્મણને પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા ૨૧ દિવસનું લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે. ત્યારે સાબકાંઠા જિલ્લાવાસીઓને જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓ મળી રહે તે માટે જિલ્લા કલેકટર સી.જે.પટેલની અધ્યક્ષતામાં વિવિધ એસોસિએશનની બેઠક કલેકટર કચેરી ખાતે યોજાઇ હતી.

જિલ્લાના કરીયાણા, શાકભાજી અને દૂધ વિતરક એસોસિએશન સાથે યોજાયેલ બેઠકમાં કલેકટરશ્રી સી.જે.પટેલે આ રોગની ગંભીરતા વિષે વાત કરતા જણાવ્યું હતુંકે જયાં ભીડ એકત્ર થતી હોય ત્યાં રોગના સંક્રમણની શક્યતાઓ વધી જતી હોય છે તેથી જિલ્લામાં હાલ કરીયાણા, શાકભાજી અને દૂધના સ્ટોલ પર ભીડ મોટી સંખ્યામાં એકત્ર થતી હોવાનું ધ્યાને આવતા આ વિતરકો ગ્રાહકોને ઘરે બેઠા જ સામાન પંહોચાડે એ શ્રેષ્ઠ વિકલ્પ છે.

કલેકટરની આ પહેલને આવકારી સાબરકાંઠા જિલ્લાના વેપારીઓ પણ પોતના આસપાસના ગ્રાહકોને ઘરે બેઠા જ કરીયાણુ મળી રહે તે માટે સંમતિ દર્શાવી હતી. જેમાં પ્રથમ તબક્કામાં ગ્રાહકો પોતાની જરૂરીયાતની વસ્તુઓની યાદી વેપારીને મોકલશે ત્યારબાદ બીજા દિવસે વેપારી તેના ઘર સુધી પંહોચતા કરશે , સંકટના સમયે વેપારીઓ કાળા બજાર કે ભાવ વધારો કરીને વેચાણ ન કરે અન્યથા તેમની વિરુધ્ધ શિક્ષાત્મક પગલા લેવામાં આવશે તેવી ખાસ તાકીદ કરી હતી. કલેકટરએ વધુમાં ઉમેર્યુ હતુ કે ગ્રામ્ય વિસ્તારમાં ઘર-ઘર સુધી કરીયાણાની કિટસ પંહોચે તે માટે ખાસ વ્યવસથા કરવા કરીયાણા એસોસિએશનની ભલામણ કરી હતી. જયારે જીવન જરૂરીયાત ચીજ વસ્તુઓના પુરવઠાના પરીવહન કરતા વાહનચાલકો અને દુકાનધારકોને પાસ આપવામાં આવશે તેમ પણ કહ્યુ હતું. જયારે શહેરી વિસ્તારમાં શાકભાજીના વિતરણ માટે સોસાયટીની નિયત કરેલ જગ્યાએ જ ઉભા રહી વેપાર કરવાનો રહેશે.આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી ડૉ. રાજેન્દ્ર પટેલ, જિલ્લા પોલીસ વડા ચૈતન્ય માંડલીક, અધિક કલેકટર વી.એલ.પટેલ સહિત પ્રાંત અધિકારીઓ, મામલતદાર અને વિવિધ એસોસિએશન સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

**તમારા વિસ્તારમાં કઈ દુકાન કરીયાણુ પંહોચાડશે ?**

વેપારી એસોસિએશન દ્વારા જે-તે વિસ્તારમાં કાર્યરત કરીયાણાના દુકાનની એક યાદી નગરપાલિકાને આપશે જેથી નગરપાલિકાના ૦૨૭૭૨- ૨૪૭૦૦૦ કંટ્રોલરૂમ પરથી જાણી શકાશે કે તમારા વિસ્તારમાં કઇ દુકાન કરીયાણું પંહોચાડશે તેની જાણ કરાશે જેમાં અલગ-અલગ વોર્ડ વાર શાકભાજીની લારીધારકનો નંબર મળી રહેશે આ કંટ્રોલ સવારના ૮ થી રાત્રિના ૮ કલાક સુધી કાર્યરત રહેશે.

# કોરોના વાયરસની જાગૃતિ અર્થે મીનળ પાર્ક સોસાયટીના રહીશોએ સ્લોગન લખ્યા..




રખેવાળ ન્યુઝપાટણ

સમગ્ર વિશ્વમાં કોરોના વાયરસે હાહાકાર મચાવ્યો છે ત્યારે તેની સામે સાચવેતી ના પગલાં ભરવા ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૧ દિવસ માટે લોકડાઉન કરવા અનુરોધ કર્યો છે અને આવશ્યક ચીજ વસ્તુઓ સિવાયની તમામ સેવાઓ બંધ રાખવા આદેશ કરાયો છે.લોક ડાઉનના પગલે પાટણ શહેરના લોકો એ પણ સંપૂર્ણ સહિયોગ આપ્યો છે તો શહેરના ટેલિફોન એક્સચેન્જ રોડ પર આવેલી મિનળપાર્ક સોસાયટીના રહીશોએ પણ પોત પોતાના ઘરમાં રહીને લોક ડાઉનના આદેશનું પાલન કરી

કોરોના વાયરસ ની જાગૃતતા માટે સોસાયટીના રહિશ અને જાણીતા પત્રકાર ની સાથે સાથે અનેક સેવાકીય પ્રવૃતિઓ

સાથે જોડાયેલા યશપાલ સ્વામી સહિતના નવ યુવાનો દ્વારા સોસાયટી નાં પ્રવેશ દ્વાર પાસે સ્ટે હોમ બી સેફ,ઘરમાં રહો સ્વસ્થ રહો જેવાં વિવિધ સ્લોગનો લખવામાં આવ્યા હતા. મને પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી માં સૂચનો ચુસ્તપણે પાલન કરવાનું જણાવ્યું હતું..

# ગુજરાતના તમામ માર્કેટયાર્ડ ચાલુ રાખવા સરકારનો આદેશ

રખેવાળ ન્યુઝ ડીસા

હાલમાં કોરોનાની મહામારીના પગલે સમગ્ર ભારતને ૨૧ દિવસ માટે લોકડાઉન કરવામાં આવ્યુ છે. ત્યારે રાજ્યમાં જીવન જરૂરી ચીજ વસ્તુઓની અછત ન સર્જાય તે માટે સરકારે મહત્વના પગલા ભર્યા છે. જેમાં ગુજરાતના તમામ અનાજ માર્કેટયાર્ડમાં હરાજીની કામગીરી જે સ્થગિત કરવામાં આવી હતી. તેમાં વહીવટી તંત્ર સાથે પરામર્શ કરી અનાજ, કઠોળ, તેલીબીયા લોકોને મળી રહે તે માટે ખરીદ વેચાણની પ્રક્રિયા ચાલુ રાખવાનો નિર્ણય કર્યો છે. જેમાં ખેડૂતો, વેપારીઓને માર્કેટયાર્ડના કર્મચારીઓએ સરકારના નિયમો મુજબ અને અત્યારે કોરોના વાયરસ સામે તમામ તકેદારી રાખી માર્કેટયાર્ડ ચાલુ રાખવા માટે મંજુરી આપી છે.

# વડગામ, મેમદપુર અને મોરિયામાં આઇશોલેસનની સુવિધા શરૂ


પુષ્કર ગોસ્વામી

**રખેવાળ ન્યુઝ વડગામ**

વડગામ તાલુકામાં વડગામ, મેમદપુર અને મોરિયામાં આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં કુલ ૩૦ બેડ ની સુવિધા ધરાવતી આઈશોલેશનની સુવિધા શરૂ કરવામાં આવી છે. વડગામ તાલુકામાં તા. ૨૪ માર્ચ સુધી કોરોના સંક્રમણનો એક પણ કેશ નોંધાયો નથી. તેમછતાં વડગામ તાલુકાની આરોગ્ય ટીમ, પોલીસ વિભાગ અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ આ બાબતે સજાગ પણે મહત્વપૂર્ણ કામગીરી કરી રહી છે જે અભિનંદનને પાત્ર છે. ઉપરાંત વડગામ સ્થિત ગેલેક્ષી સ્કૂલ ઓફ સાયન્સના પ્રમુખ કાનજીભાઈ ચૌધરી દ્વારા ત્રણ લાખના સેનિટાઈઝર વડગામ તાલુકાના ૮૦ ગામોમાં વહેંચી લોકોને કોરોના સંક્રમણથી સ્વસ્થ રહેવા સંદેશ આપી જનજાગૃતિનું પ્રેરક કાર્ય કરવામાં આવ્યું હતું. તંત્રના આગોતરા આયોજનને લોકોએ બિરદાવ્યું હતું.

# કોરોનાના કહેર વચ્ચે સેમોદ્રા ગામમાં માસ્ક અને ઉકાળાનું નિઃશુલ્ક વિતરણ કરાયું

**સેમોદ્રા ગામના મહિલા તલાટીએ અપનાવ્યો નવતર અભિગમ**


સંજય જોશી

રખેવાળ ન્યુઝ પાલનપુર

સમગ્ર વિશ્વ સહિત દેશભરમાં કોરોના નો કહેર હાલ જોવા મળી રહ્યો છે. ત્યારે સરકાર પ્રજાના સહકારથી કોરોના સામેનો જંગ લડવા વિવિધ પ્રયાસો હાથ ધર્યા છે. ત્યારે પાલનપુર તાલુકાના સેમોદ્રા ગામની મહિલા તલાટીએ નવતર અભિગમ દાખવતા ઘેરઘેર માસ્ક અને આયુર્વેદિક ઉકાળા નું નિઃશુલ્ક વિતરણ કરાવ્યું છે.

ગુજરાત સરકાર પણ આ કોરોના સામે કઈ રીતે બચી શકાય તે માટેના તમામ પ્રયત્નો હાથ ધર્યા છે.ત્યારે લોકો પોતે જાગૃત બને અને ઘર પર રહે તે માટે સરકાર દ્વારા લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે.ત્યારે ગામડાઓના લોકો પણ આ રોગ સામે લડવા માટે મક્કમ બન્યા છે. પાલનપુર તાલુકાના સેમોદ્રા ગામે ગ્રામપંચાયત દ્વારા એક નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો હતો. ગામના તલાટી હિરલબેન ભટોળ દ્વારા પોતાના ખર્ચે સમગ્ર સેમોદ્રા ગામમાં આયુર્વેદિક ઉકાળા તેમજ માસ્કનું ઘર દીઠ વિતરણ કરવામાં આવ્યું હતું. ગામ માં લોકો ભેગા ના થાય અને તેમને પોતાના ઘર સુધી ઉકાળો તેમજ માસ્ક મલી રહે તે માટેની વ્યવસ્થા કરવામાં આવી હતી.

ગામમાં પ્રત્યેક ઘર સુધી ઉકાળો તેમજ માસ્ક નું વિતરણ ગામના સરપંચ પ્રેમજીભાઈ ડેલીયા, જયેશ ભાઈ તેમજ હરેશભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. ત્યારે જે રીતે કોરોના ની દહેસત છે તે બાબતે શહેરો કરતાં ગામડાની પ્રજા વધારે સજાગ બની છે.

અને આ કોરોના સામેની લડાઈ માં ઉકાળો તેમજ અન્ય દેશી પધ્ધતિ અપનાવી રક્ષણ મેળવી રહ્યા છે. ગામના તલાટી દ્વારા લેવાયેલા ઉકાળા તેમજ માસ્ક ના વિતરણ ને સરપંચ તેમજ ગ્રામજનો એ સરાહનીય ગણાવ્યો હતો.

# કુંપટ ગામે સંત-મેળાવડો યોજાયો



રખેવાળ ન્યુઝ ડીસા

કુંપટ ગામે સોલંકી અર્જુનસિંહ ગુલાબસિંહની ૧૨ મી નિર્વાણ તિથી નિમિત્તે તેમના સુપુત્રો બચુસિંહ અને પ્રવિણસિંહ દ્વારા સંત મેળાવડાનું આયોજન કરવામાં આવ્યું હતું. સંત મેળાવડામાં પધારેલા સંતો-મહંતોનું સામૈયું તેમના પરિવાર અને ગ્રામજનો દ્વારા કરવામાં આવ્યું હતું.

સંત-મેળાવડામાં તેમના પૂજનીય ગુરુ રવિયાણા નિવાસી અજમલભારથી મહારાજ સાથે ભુતિયા વાસણા નિવાસી બળવંતરામ મહારાજ, નાગભારથી મહારાજ, દુદેરામ મહારાજ, કુંવરરામ મહારાજ, ચંદુરામ મહારાજ, વંદનીય માતૃશ્રી તારાબા, મુડેઠા થી અમરબા અને પુનમબા અને

પૂનમબા માતાજી પધારેલ રવિયાણા નિવાસી પૂજનીય ગુરુશ્રી અજમલભારથી મહારાજે ગુરૂનો મહિમા બહુસારી રીતે વર્ણવ્યો હતો. અને અત્યારે વિશ્વમાં ચાલી રહેલો કોરોના વાયરસથી બચવા આયુર્વેદિક ઉપાયો જણાવ્યા. ભારતીય સંસ્કૃતિ અને ગૌ માતા વિશે તથા આધ્યાત્મિક જ્ઞાન આપવામાં આવ્યું. સૌને કોરોના વાયરસથી બચવાના આશિર્વાદ આપ્યા હતાં.

ભૂતિયા-વાસણા નિવાસી પૂજનીય બળવંતરામ મહારાજે તેમની આગવી શૈલીમાં ગમ્મત સાથે-આધ્યાત્મિક જ્ઞાન પીરસેલ 'બેટી બચાવો-બેટી પઢાવો' વિષય પર વિસ્તૃત માહિતી આપેલ. માલગઢ નિવાસી ચંદુરામ મહારાજે આત્માની ઓળખાણ અને ગુરુ મહિમા વર્ણવ્યો હતો. વંદનીય માતૃશ્રી તારાબા અને અમરબાએ ભજનની રમઝટ બોલાવી.

જુનાડીસા ભક્ત મંડળ, વડાવળ ભક્ત મંડળ, મુડેઠા ભક્ત મંડળ, આખોલ ભક્ત મંડળ, માલગઢ ભક્ત મંડળ,કુપટ ભક્ત મંડળ અને સૌ પધારેલા ભક્તોએ ભજનોની રમઝટ બોલાવી આરતી અને થાળ ગાઈ અને સૌએ ભોજન-પ્રસાદનો લાભ લીધો.

# કરજાપુરા ગામે પોલીસ જવાને પિતાની યાદમાં ચબુતરાનું નિર્માણ કરાવ્યું


નરસિહ દેસાઇ

રખેવાળ ન્યુઝ વડાવલ

ડીસા તાલુકાના કરઝાપુરા ગામના અને બનાસકાંઠા જિલ્લા પોલીસમાં ફરજ બજાવતા સાગરભાઇ વેરસીહભાઇ નાવોરએ પોતાના પિતાની યાદમાં ગામમાં એક ચબુતરાનું નિર્માણ કરાવ્યું છે.નાવોર વેરસીભાઇ માધાભાઇ ગતવર્ષે દેવલોક પામ્યા હતા ત્યારે તેમની યાદમાં પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ કરજાપુરા ગામમાં તેમના પુત્ર સાગરભાઇ તથા તેજાભાઇએ પક્ષીઓ માટે ચબુતરો બનાવવાંમાં આવતા ગતરોજ ગામના આગેવાનો અને

વડીલોની હાજરીમાં ચબુતરાનું લોકાર્પણ કર્યું હતું.ગામમાં પિતાની યાદમાં ચબુતરાનું નિર્માણ કરી સેવાનું ઉતમ ઉદાહરણ પુરુ પાડ્યુ છે.

# કોરોના વાયરસને નાથવા જુનાડીસા મેડીકલ ઓફિસર અને તેમની ટીમ ખડેપગે



રખેવાળ ન્યુઝ ડીસા

ડીસા તાલુકાના સૌથી મોટા જુનાડીસા ગામના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ઉત્સાહી અને યુવા મેડિકલ ઓફીસર તરીકે ડૉ. સુલતાન સિપાઈની નિમણુંક બાદ કેન્દ્રની આરોગ્યલક્ષી સેવાઓમાં નોંધપાત્ર સુધારો જોવા મળી રહ્યો છે. તેથી ગામ સહિત આજુબાજુના ગામની પ્રજાને પણ ઘરઆંગણે સારવાર મળવા લાગી છે તેથી આરોગ્ય કેન્દ્ર આખો દિવસ દર્દીઓથી ઉભરાયેલું નજરે પડે છે હાલમાં કોરોનાં વાયરસના કહેર વચ્ચે ડો. સુલતાન સિપાઈ અને તેમની ટીમ ખડેપગે થઈ ગઈ છે. કેન્દ્રમાં સરકાર અને આરોગ્ય વિભાગના આદેશ અનુસાર સામાજિક ડિસ્ટન્સ સહિતના નિયમોનું કડક પાલન કરીને દર્દીઓની સઘન સારવાર કરવામાં આવી રહી છે. તેમજ દર્દીઓને કોરોનાથી બચવાની સલાહ પણ આપવામાં આવે છે એટલું જ નહીં, કોરોનાથી બચવા સાવચેતી એજ સલામતી છે તેથી સરકારના 'લોક ડાઉન' નું કડકપણે સ્વૈચ્છિક પાલન કરવા પણ નિષ્ઠાભર્યા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આરોગ્યની વિવિધ ટિમો ઘરે ઘરે ફરીને ક્લોરીનેશન સાથે જન જાગૃતિ ફેલાવી રહી છે તો એમ્બ્યુલન્સ વાન દ્વારા ઈમરજન્સી કેસોની ઘેર બેઠા સારવાર કરવામાં આવી રહી છે. તેથી કેન્દ્રની સેવાની સુવાસ ચોમેર મ્હેકી ઉઠી છે.

# મહેસાણામાં બજારો સુમસામ બન્યા.. એ. ટી. એમ. પણ સૂના પડ્યા


કમલ ચક્રવર્તી

રખેવાળ ન્યુઝ મહેસાણા

મહેસાણામાં ૨૧ દિવસના લોકડાઉનના પ્રથમ દિવસે બુધવારે તમામ બજારો બંધ રહ્યા હતા અને ચારેબાજુ સુમસામ ભાસતું હતું. માનવઆશ્રમથી જી. ઈ. બી. રોડ અને માનવ આશ્રમથી વિસનગર લિંક રોડ સુમસામ બન્યો હતો. જી. ઈ. બી. રોડ ઉપર એક્સિસ બેંકનું એ. ટી. એમ. પણ સુમસામ બન્યું હતું.સોમનાથ ચોકડી ઉપર પોલીસ તંત્ર દ્વારા બિનજરૂરી ફરવા નીકળતા લોકોને સમજાવવામાં આવ્યા હતા.

# થરાદ નગરમાં ફાયર ફાઈટર વડે દવા છંટકાવની કામગીરી


વિષ્ણુ દવે

રખેવાળ ન્યુઝ થરાદ

વૈશ્વિક મહામારી કોરોના વાયરસની બીમારીએ ભારે હાહાકાર મચાવી મુક્યો છે. અન્ય વિકસિત દેશોની સરખામણીએ ભારત જેવા ઓછી સ્વાસ્થ્યની સગવડો ધરાવતા દેશમાં પણ છેલ્લા કેટલાક દિવસોથી કોરોનાના સંક્રમણના કેસો વધવા પામ્યા છે. જેને લઈને સરકારના આરોગ્ય વિભાગ દ્વારા થરાદ નગરમાં બુધવારે નગર પાલિકાના ફાયર ફાઈટર વડે દવા છંટકાવની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ અંગે થરાદ નગર પાલિકાના ચીફ ઓફિસર બીજલ સોલંકી તથા પ્રમુખ લવજીભાઈ વાણીયા અને મામલતદાર એન. કે. ભગોરાએ જણાવ્યું હતું કે આજે નગરની તમામ સરકારી કર્મચારી કચેરીઓ અને બસ સ્ટેશન સહિત જાહેર જગ્યા ઉપર દવા છંટકાવની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ કામગીરી બે દિવસ સુધી ચાલશે. જેમાં સમગ્ર થરાદ શહેરની સોસાયટીઓને પણ આવરી લેવામાં આવશે. કોરોના વાયરસને ફેલાતો અટકાવવા માટે સરકારના આદેશના પગલે તંત્ર દ્વારા દવા છંટકાવની કામગીરી હાથ ધરવામાં આવી હોવાનું સુત્રોએ જણાવ્યું હતું.

# થરાદ તાલુકાના ભોરડુમાં લોકડાઉન દુકાનો જડબેસલાક બંધ


વિષ્ણુ દવે

**રખેવાળ ન્યુઝ થરાદ**

જનતા કરફ્યૂ લઈને ભોરડુની પ્રજાનું વ્યાપક સમર્થન મળ્યું હતું બાદ ગતરોજ દુકાનો ખુલ્યા હતા જોકે ૧૪૪ નો ભંગ થતો હોય સરપંચ શ્રી ઉદાભાઈ આર.ચૌધરી તલાટી કમ મંત્રીશ્રી શારદાબેન ચૌધરી અને ગ્રામ પંચાયત ની ટીમ દ્વારા લોકડાઉન નું પાલન કરવા માટે દુકાનો બંધ કરાવી હતી.

દુકાનો વેપાર-ધંધા જડબેસલાક બંધ રહ્યા હતા આવશ્યક ચીજવસ્તુઓના વસ્તુઓની વિતરણની વ્યવસ્થા ચાલુ રખાઈ હતી અને દરેકને પોત પોતાના ઘરે જ રહેવાની સલાહ સુચના આપી હતી.

# વરસડામાં ઉકાળાનું વિતરણ


પુષ્કર ગોસ્વામી

રખેવાળ ન્યુઝ વડગામ

વડગામના વરસડામાં સરપંચ ધનરાજભાઈ પટેલની અધ્યક્ષતામાં તથા તલાટી કમ મંત્રી મનિષાબેન ચોરાસીયાની વિશેષ ઉપસ્થિતમાં કોરોના વાઈરસ રોગચાળો અટકાવવા અગમચેતીના પગલાં રૂપે ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં ગ્રામજનો સહિત તમામ યુવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રભુવીરે બતાવેલ પાંચ અણુવ્રત શૈલી વિશ્વ શાન્તિનો મુલાધાર છે.પં.રાજરક્ષિતવિજય મ.સા.

નવસારી

વર્તમાન કો વર્ધમાન કી આવશ્યકતા હૈ શરીરમાં આરોગ્ય, જીવનમાં શાંતિ મનમાં પ્રસન્નતા અને કુટુંબમાં સંપ લાવવા માટે પ્રભુ મહાવીર સ્વામીએ બતાવેલ અણુવ્રત જીવનશૈલી અપનાવવાનો અવસર આવી ગયો છે. તપોવન-નવસારીમાં પંન્યાસ રાજરક્ષિતવિજયજીએ જણાવ્યું કે, કોરોના વાઈરસના ભયથી વિશ્વ-દેશ-રાજ્ય-નગર-શેરી-ઘરના મેમ્બર એકબીજાથી અલગ પડી ગયા છે. ઘરમાં કોઈને છીંક પણ આવે તો શંકાની નજરથી જોવામાં આવે છે. મોતનો ડર ભલભલાને ધ્રુજાવે છે. છેલ્લી એક સદીમાં કાળા માથાના માનવીએ પૃથ્વીના પર્યાવરણ સાથે છેડછાડ કરવા માંડી છે. જેના કારણે અતિવૃષ્ટિ-અનાવૃષ્ટિ-ધરતી કંપ-સુનામી જેવી કુદરતી આફતો તથા સ્વાઈફલુ-બર્ડફલુ-મેડકાઉ-ઈબોલા વાઈરસ-નિપાવાઈરસ-કોરોના વાઈરસ જેવી જીવલેણ બિમારીઓ સહન કરવી પડે છે. આ બધામાંથી મુક્ત થવા માટે પ્રભુવીરે બતાવેલ અહિંસા-અમૃષા-અચૌર્ય- સદાચાર અને અપરિગ્રહ પાંચ અણુવ્રત જીવનશૈલી વિશ્વે અપનાવી પડશે ભોગ શૈલી ઉપર કંટ્રોલ મુકવો જ પડશે. સર્વ જીવો પ્રત્યે કરૂણાભાવ લાવવો જ પડશે. પૃથ્વી-પાણી-અગ્નિ-વાયુ-પશુ વગેરે પર્યાવરણ ઉપર અત્યાચાર બંધ કરવો જ પડશે. કોરોના વાઈરસ એ છેલ્લી નોટીસ છે. હજુ નહિ સમજીએ તો સર્વનાશ માટે તૈયાર થવું પડશે.

# થરાદની નાનોલ પ્રાથમિક શાળાનો શિક્ષક આખરે ફરજમુક્ત કરાયો

**જિલ્લા શિક્ષણ વિભાગ દ્વારા કાંકરેજ હેડકર્વાટરમાં મુકવામાં આવ્યો -**



રખેવાળ ન્યુઝ થરાદ

૧૫ મી માર્ચના રવિવારની રાત્રે થરાદ તાલુકાના ભોરડુ ગામમાં ચિરાગભાઈ મુકેશભાઇ પટેલ હાલ રહે. નાનોલ તા.થરાદ (મુળ રહે. કડાછલા તા.લુણાવાડા જી.પંચમહાલ) નામનો શિક્ષક દારૂ પીધેલી હાલતમાં થરાદના ભોરડુ ગામેથી ઝડપાઇ જવા પામ્યો હતો. આ સરસ્વતીનો સાધક રવિવારે રાતે પોણા દસના સુમારે ગામ વચ્ચે પુરઝડપે કાર ચલાવતાં અકસ્માતની દહેશત સર્જાવાના ભયને પગલે ભોરડુના માણસો અને દુકાનવાળા તેને અટકાવી કહેવા જતાં તે દાદાગીરી પર ઉતરી આવ્યો હતો. તેમજ પોતાને ભોરડુ ગામે માથાકુટ થયેલ છે તેમ કહીને પોલીસની ગાડી મોકલો તેવી જાણ મથકમાં કરતાં દોડેલી પોલીસે તેની જ અટકાયત કરીને પીધેલાનો ગુનો દાખલ કરીને વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

આ બાબતની પોલીસ ફરિયાદ બાદ જીલ્લાના શિક્ષણ વિભાગ દ્વારા પણ કડક પગલાં ભરવામાં આવ્યાં હતાં. આ અંગે થરાદના ટી.પી.ઓ. આર. વી. બોચીયાએ જણાવ્યું હતું કે ગત શનિવારે શિક્ષક ચિરાગ પટેલને ફરજમુક્ત કરી કાંકરેજ હેડકર્વાટર્સ મુકામે મુકવાનો ઓર્ડર આવ્યો હતો. તેમજ ગત સોમવારે નાનોલ પ્રા.શાળાના આચાર્ય દ્વારા તેને શાળામાંથી છુટો પણ કરી દેવામાં આવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે ગત ૨૦૧૫ના પુરમાં પણ આ શિક્ષક સામે સરકારની સહાયમાં ભારે ગેરરિતીઓની ફરિયાદો ઉઠવા પામી હતી. જેની પણ તપાસ હજુ ચાલી રહી છે.

# ડીસામાં આરોગ્ય વિભાગ દ્વારા 'ડોર ટુ ડોર' સર્વે





### સાધન દ્વારા લોકોના તાપમાનની પણ માપણી

રખેવાળ ન્યુઝ ડીસા

સમગ્ર વિશ્વમા હાહાકાર મચાવનાર ભયાનક કોરોના વાયરસના પગલે સરકાર તેમજ તંત્ર એલર્ટ થઈ ગયું છે ત્યારે કોરોના સંક્રમણને પહોંચી વળવા આરોગ્ય વિભાગ દિવસ રાત તનતોડ મહેનત કરી કોરોના ને હરાવવા માટે મેદાને પડયું છે જેમાં બનાસકાંઠા જિલ્લાના વેપારી મથક ગણાતા ડીસા શહેરમાં આજે આરોગ્ય વિભાગ દ્વારા ડોર ટુ ડોર આરોગ્ય સર્વે હાથ ધરવામાં આવ્યું હતું

જેમાં વ્યક્તિના શરીરના તાપમાન અંગેની જાણકારી માટેના સાધન દ્વારા તાપમાન પણ માપવામાં આવ્યું હતું તેમજ જરૂરિયાત મંદ લોકોને જરૂરી દવાઓ પણ અને યોગ્ય સલાહ પણ આપવામાં આવી હતી ડીસાના રેલ્વે સ્ટેશન વિસ્તારમાં વિશ્વકર્મા સોસાયટી તેમજ આજુબાજુના વિસ્તારમાં આજરોજ આરોગ્ય વિભાગના મેડિકલ ઓફિસર ડોક્ટર નેહલ બારોટ સુપરવાઇઝર આશિષ ભાઈ ચૌહાણ એમ.પી. એચ.ડબલ્યુ ભાઈઓ તેમાં ફિમેલ હેલ્થ વર્કર ગાયત્રીબેન નીનામા તેમજ હેતલબેન દ્વારા અર્બન હેલ્થ વિભાગ-૧ માંથી આ સર્વે આદરવામાં આવ્યું હતું જેમાં લોકોએ પણ આરોગ્ય કર્મીઓની સંપૂર્ણ સહયોગ આપી અને પોતાને જે પણ બીમારી હોય તેનું આરોગ્ય વિભાગના કર્મીઓને જણાવ્યું હતું.

# કોરોના વાયરસને પગલે નાગરિકો તંત્રને સહયોગ આપે : ધારાસભ્ય



### ડીસા પ્રાંત કચેરી ખાતે અધિકારીઓની બેઠક યોજાઇ

રખેવાળ ન્યુઝ ડીસા

કોરોના વાયરસને પગલે સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ લોકડાઉન માં નાગરિકોએ તંત્રને સહયોગ આપવો જોઈએ તેમ ડીસાના ધારાસભ્ય શશીકાંત પંડ્યા એ જણાવ્યું હતું.

મંગળવારે ડીસા પ્રાંત કચેરી ખાતે ડીસાના પ્રાંત અધિકારી એચ.એમ.પટેલના અધ્યક્ષ સ્થાને અને ડીસાના ધારાસભ્ય શશીકાંત પંડ્યા ની ઉપસ્થિતિમાં કોરોના વાયરસને પગલે અધિકારીઓ ની એક અગત્યની બેઠક યોજાઈ હતી. જેમાં શહેરીજનોને પણ સરકાર

અનુસંધાન પાના નં.૨

# ભારત લોકડાઉનને પગલે પાલનપુરમાં પોલીસની 'નો વ્હીકલ ઓન રોડ'ની કવાયત





(સંજય જોષી)

### બિનજરૂરી વાહનો લઈને નીકળતા લોકો સામે કાર્યવાહી : વાહનો ડિટેઇન કરાશે

રખેવાળ ન્યુઝ પાલનપુર

સમગ્ર દેશમાં ૨૧ દિવસનું લોક ડાઉન જાહેર કરવામાં આવતા બનાસકાંઠાના પાલનપુર શહેરમાં જિલ્લા પોલીસ વડા દ્વારા સઘન ચેકીગ હાથ ધરવામાં આવ્યુ છે. પોલીસ દ્વારા બિનજરૂરી ફરતા વાહન ચાલકોના વાહન ડીટેઈન કરી 'નો વ્હીકલ ઓન રોડ' ની નીતિ અપનાવતા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. કોરોનાની મહામારી વકરી રહી છે. ત્યારે ચિંતાતુર બનેલા દેશના અનુસંધાન પાના નં.૨

### બનાસકાંઠા સાંસદે કોરોના સામે પહોંચી વળવા એક કરોડની ગ્રાન્ટ ફાળવી

ડીસા

બનાસકાંઠાના સાંસદ પરબતભાઈ પટેલે તેમના મત વિસ્તાર બનાસકાંઠા જિલ્લા માટે હાલમાં કોરોના વાયરસની મહામારીને પહોચી વળવા વિવિધ સરકારી હોસ્પિટલોમાં કોરોના સંક્રમણ (કોવીડ-૧૯) ની બિમારીને રોકવા તથા તે અંગેના જરૂરી મેડીકલ સાધનોની સુવિધા માટે સંસદ સભ્ય તરીકેની ગ્રાન્ટમાંથી રૂા.૧ કરોડ (એક કરોડ) ગ્રાન્ટની ફાળવણી કરી છે.

### કંબોઇ પાસે પોલીસ ચેકપોસ્ટ ઉભી કરાઈ

રખેવાળ ન્યુઝ કંબોઈ,શિહોરી

કાંકરેજ તાલુકાના કંબોઇ પાસે પાટણ જિલ્લો અને બનાસકાંઠા જિલ્લાની હદ લાગે છે ત્યારે આ બન્ને જિલ્લાની બોર્ડર પર બન્ને બાજુ પોલીસ ચેકપોસ્ટ ઉભી કરવામાં આવી છે. તેમાં શિહોરી પીએસઆઈ એલ. જે. વાળા દ્વારા તાત્કાલિ બેરીયર મૂકી પોલીસ પોઇન્ટ ઉભો કરી બહારથી આવતા લોકોની સઘન પૂછપરછ કરી જરૂરી આધાર પુરાવા પણ ચકાસવામાં આવે છે. આ બોર્ડર પર સંપૂર્ણ નાકાબંધી કરવામાં આવી છે. શિહોરી પી. એસ. આઈ.એલ.જે. વાળાએ જણાવ્યું કે બહારથી આવતા લોકોની સઘન પૂછપરછ કરવામાં આવે છે અને લોકોને અપીલ કરીએ છીએ કે કોરોના વાયરસ બહુ ભયંકર છે તો લોકડાઉંના આદેશ મુજબ લોકોએ ઘરમાંજ રહેવું અને ધારા ૧૪૪ મુજબ કોઈ ચાર વ્યક્તિઓને ભેગા થવા દેતા નથી.

# યાત્રાધામ અંબાજી ખાતે ચૈત્રી નવરાત્રીનો વિધિવત પ્રારંભ



રખેવાળ ન્યુઝ અંબાજી

આજથી શરૂ થયેલી ચૈત્રી નવરાત્રીનો યાત્રાધામ અંબાજી ખાતે વિધિવત પ્રારંભ કરાયો છે. ગુજરાતમાં સૌપ્રથમ વખત આજે યાત્રિકો વગર ખાલી મંદિર પરિસરમાં સ્થાપના કરવામાં આવી હતી. જે હજારોની સંખ્યામાં ચૈત્રી નવરાત્રિને પ્રથમ સ્થાપના દિવસે ઉમટી પડતા હોય છે ત્યારે કોરોના વાયરસની દહેશતના પગલે બંધ થયેલ આ મંદિરમાં એક પણ યાત્રી જોવા ન મળ્યો હતો જોકે વર્ષ પરંપરાગત રીતે મંદિરના મુખ્ય પૂજારી ભટ્ટજી મહારાજ દ્વારા મા અંબાના મંદિરમાં સ્થાપના વિધિ કરવામાં આવી હતી. એટલું જ નહીં ઘટસ્થાપના વિધિમાં જે જવૈરા વાવવામાં આવે છે. તેની ઉત્પત્તિ જે પ્રમાણે થયો છે તે જોતા વર્ષ દરમ્યાન વિકાસ માપવામાં આવે છે. જોકે યાત્રાધામ અંબાજી કોરોનાની દહેશતના પગલે હાલ ૩૧ માર્ચ સુધી દર્શનાર્થીઓ માટે સંપૂર્ણપણે બંધ હોવાની

અનુસંધાન પાના નં.૨

### ડીસા નગર પાલિકા દ્વારા શહેરમાં દવાનો છંટકાવ



રખેવાળ ન્યુઝ ડીસા

વિશ્વવ્યાપી કોરોનાને નાથવા માટે સમગ્ર દેશ કટિબદ્ધ બન્યો છે ત્યારે લોક ડાઉનના સન્નાટા વચ્ચે આ મહામારીને નાથવા ડીસા નગર પાલિકા દ્વારા પણ તકેદારીના ભાગ રૂપે પાલિકાના ફાયર ફાઈટર દ્વારા સમગ્ર શહેરમાં આવેલ તમામ દુકાનો, મોલ અને જાહેર માર્ગો ઉપર ફરી તમામ વિસ્તારમાં જંતુનાશક દવાઓનો છંટકાવ કરવામાં આવ્યો હતો.

# રણાવાડા જાગીરમાં ગળે ફાંસો ખાધેલી હાલતમાં યુવકની લાશ મળતા ચકચાર

### હત્યા કે આત્મહત્યાને લઈ તર્કવિતર્ક

રખેવાળ ન્યુઝ શિહોરી



કાંકરેજ તાલુકાના રણાવાડા જાગીરમાં એક યુવક ગળે ફાંસો ખાધેલી હાલતમાં મળી આવતા ચકચાર મચી જવા પામી છે. ગામના સરપંચે શિહોરી પોલીસ સ્ટેશનમાં જાણ કરતાં પોલીસ ઘટના સ્થળે દોડી જઈ વધુ તપાસ હાથ ધરી હતી.ત્યારે ખરેખર શું હત્યા કે આત્મહત્યાને લઈ તર્કવિતર્ક થઈ રહ્યા છે. કાંકરેજ તાલુકાના રણાવાડા જાગીરમાં રહેતા પરમાર રઘુભાઈ નાગરભાઈ ઉંમર.૩૫ વર્ષ રાત્રે ગળે ફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યા હતા.ગામલોકો ઘટના સ્થળે પહોંચી જોતાં જ દ્દશ્યો જોઈને દંગ રહી ગયા હતા ત્યારે ગામના સરપંચ પતિ અંબારામ રાવલે શિહોરી પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી અને મૃતકની લાશને શિહોરી રેફરલ હોસ્પિટલમાં પીએમ માટે ખસેડવામાં આવી હતી ત્યારે લોકોના ટોળા એકઠા થયા હતા અને મૃતકના કુટુંબીજનોમાં

અનુસંધાન પાના નં.૨

# થરા નગરમાં કરીયાણું-શાકભાજી ખરીદવા લોકો ઉમટ્યા : પોલીસે સંયમ પૂર્વક કામગીરી કરી

### બસ સ્ટેન્ડ સુમશાન : એકલ-દોકલ ખાનગી વાહનોની દોડધામ જોવા મળી



યશપાલસિંહ વાઘેલા

રખેવાળ ન્યુઝ થરા

નોવેલ કોરોના-કોવિડ-૧૯ વૈશ્વિક મહામારીનો સંકજો ભારતમાં પણ વધતો જાય છે ને ઈટાલી-ચીન જેવી પરિસ્થિતિ ના સર્જાય એ માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તા.૨૪-૩-૨૦ ના રાત્રીના બાર વાગ્યાથી સમગ્ર ભારતને એકવીસ દિવસ સુધી "લોકડાઉન" જાહેર કરી લોક સંપર્ક ઘટે તોજ કોરોના વાયરસનું સંક્રામણ અટકશે તેવા નિષ્ણાતોના અભિપ્રાયને અનુસર્યા ત્યારે બનાસકાંઠા જિલ્લાના પશ્ચિમ વિસ્તારના કાંકરેજ તાલુકાના વેપારી મથક થરાનગર કે જે લગભગ ૫૦ થી વધુ ગામડા પરા સાથે સંકળાયેલ છે. જેમાં એસ.ટી. બસ ખાનગી વાહન વ્યવહાર બંધ છે. તેની વચ્ચે એકવીસ દિવસના લાંબા લોકડાઉનની જાહેરાત થતાં થરા નગરમાં શાકભાજી માર્કેટયાર્ડમાં આજુબાજુના ગામડાં સ્થાનિક છૂટક વિક્તાઓએ ભારે ભીડ જમાવી હતી. વાહનોની કતારો લાગી હતી તો થરા નગરમાં અવાર નવાર સાત વાગ્યાથી બપોરના એક વાગ્યા સુધી લોકો કરીયાણું-શાકભાજી દૂધ જેવી જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓ ખરીદવા ઉમટી પડ્યા હતા.

શાકમાર્કેટમાં ચાલતી ઉઘાડી લુંટની અસર સ્થાનિક ગ્રામ કક્ષાના છૂટક વેપારીઓમાં પણ જોવા મળી હતી. આવા કપરા સમયમાં વેપારીઓએ માનવતા દાખવી દરેક લારી-દુકાનોમાં એક ભાવથી ચીજ વસ્તુ વેચાય તેવું લોકો ઈચ્છી રહ્યા હતા.

આવી મહામારીમાં બસ સ્ટેશન આજુબાજુ રખડતા આખલાગાયોનો ઉપદ્રવ એટલો બધો વધી ગયો છેકે પચ્ચાસથી સાઈઠનું ટોળું કોઈ રાહદારી-મુસાફર અબાલ-વૃદ્ધનો ભોગ લે તે પહેલાં તંત્ર દ્વારા હટાવાય તેવી લોકો વિનંતી કરતા જોવા મળ્યા હતા. બસ સ્ટેશન સામેના ફુટપાથ પર સડેલાં શાકભાજી કચરો

અનુસંધાન પાના નં.૨

# ડીસા ઉત્તર પોલીસની માનવતા...



રખેવાળ ન્યુઝ રખેવાળ ન્યુઝ

સમગ્ર વિશ્વને અજગરી ભરડો લઈ અનેક આશાસ્પદ જિંદગીને ભરખી જનારા કોરોના વાયરસે હાહાકાર મચાવી દીધો છે કોરોના વાઈરસની કોઈ દવા હજુ સુધી શોધાઈ નથી માત્ર સાવચેતી એજ સલામતી પુરવાર થઈ રહી છે ત્યારે દેશના વડાપ્રધાન દ્વારા સમગ્ર દેશને ૨૧ દિવસ સુધી લોકડાઉન કરવાનો આદેશ કરાયો છે લોકડાઉનના પગલે લોકો ઘરોમાં પુરાઈ ગયા છે ત્યારે આ પરિસ્થિતિમાં ગરીબ અને જરૂરિયાતમંદ લોકોની હાલત કફોડી બની છે તેમને ખાવાના પણ ફાંફાં પડી રહ્યા છે. જો કે ઉત્તર પોલિસ દ્વારા આવા ગરીબ અને સલ્મ વિસ્તારમાં ફરી ફરીને ફૂડ પેકેટનું વિતરણ કરી માનવતાનું ઉતમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. આજની સલામ માનવતાના આ પ્રહરીઓને...

# કાંકરેજ તાલુકામાં લોકડાઉનનો ચુસ્ત અમલ



(વિજય શીલ્વા)

રખેવાળ ન્યુઝ શિહોરી

કાંકરેજ તાલુકામાં કોરોના વાઈરસ માટે આરોગ્ય વિભાગ તરફથી દવા આપવામાં આવી હતી. જેમાં આકોલી ગામે દેસાઈ રામજીભાઈએ ટ્રેકટર સાથે પંપ લગાવીને આખાય ગામમાં શેરીઓ મહોલ્લામાં તેમજ રહેણાક વિસ્તારમાં દવાનો છંટકાવ કર્યો હતો. શિહોરી અને થરા પોલીસ દ્વારા બજારો બંધ રાખવા લોકોને ઘરમાં રહેવા માટે જણાવ્યું હતું ત્યારે લોકોએ સારો પ્રતિસાદ આપ્યો હતો અને આરોગ્ય વિભાગ તેમજ પોલીસ ટીમ દ્વારા સ્ટેન્ડ ટુ થઈ ફકત દવાખાને લઈ જતાં અને જીવન જરૂરિયાત ચીજ વસ્તુઓ માટે લોકોને સવારે વહેલા સાત વાગ્યેથી બાર વાગ્યા સુધી સૂચના આપવામાં આવી હતી. જેમાં બપોર બાદ સુમ સામ બજારો બંધ રહ્યા હતા.

# ડીસા ઉત્તર પોલિસ દ્વારા જાહેરનામાનો ભંગ કરતા ત્રણ સામે ફરિયાદ

રખેવાળ ન્યુઝ ડીસા

ડીસા શહેર ઉત્તર પોલિસ હદ વિસ્તારમાં ગુજરાતમાં લોકડાઉન દરમ્યાન જાહેરનામાનો ભંગ કરનાર ત્રણ ઈસમો વિરુધ્ધ કેસ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

ડીસા શહેર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર જે.વાય.ચૌહાણ તથા પોલીસ સ્ટાફના માણસો સાથે જીલ્લા મેજીસ્ટ્રેટના નં. ડી/એમએજી/નોવેલ/કોરોના/જા.ના. ૨૬/૨૦૨૦ /વશી.૩૦૬૩-૩૦૯૩તા.૨૦/૦૩/૨૦૨૦ તથા ઉપ સચીવ ગૃહ વિભાગ ગુજરાત રાજયના ક્રમાંક જીજી/૨૦/ ૨૦૨૦/વી-૧/કઅવ/૧૦૨૦૨૦/ ૪૮૨/૨૩/૦૩/૨૦૨૦ વાળા જાહેરનામા પ્રસિધ્ધ કરેલ હોઈ જે પેટ્રોલીંગ દરમ્યાન જાહેરનામાનો ભંગ કરનાર (૧) આવશ્યક ચીજવસ્તુ ધારા સિવાયની દુકાન ખોલવી નહી તેમજ મચ્છી/માંસ ના વેચાણ ઉપર સખત પ્રતિબંધ હોવા છતાં રોગ ફેલાવવાની સંભાવના હોય તેવું કૃત્ય કરેલ હોઈ તો હાજર ઈસમ જગદીશભાઈ દયારામભાઈ કહાર (ભોઈ) રહે.ડીસા ભોઈવાસ તા. ડીસા (૨) આવશ્યક ચીજવસ્તુ ધારા સિવાયની દુકાન ઉપર હાજર ઈસમ લીલાધરભાઈ ઠકકર રહે. ડીસા શક્તિનગર સોસાયટી તા. ડીસા (૩) આવશ્યક ચીજવસ્તુ ધારા સિવાયની દુકાન ઉપર હાજર ઈસમ નીતીનકુમાર રસીકલાલ ઠકકર રહે. ડીસા વાળા ઈસમો વિરુધ્ધમાં ઈ. પી .કો .કલમ. ૧૮૮, ૨૬૯તથા જી પી એકટ કલમ, ૧૧૭ મુજબ કેસ કરી કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે. તેથી અન્ય ઈસમોમાં ફફડાટ ફેલાયો છે.


## શ્રધ્ધાંજલિ



સ્વ.ભારમલભાઈ દેવસીભાઈ પટેલ
(મુ.ખોડા, તા.કાંકરેજ)
સ્વ.તા.૨૩/૦૩/૨૦૨૦ ને સોમવાર

જીંદગી મળવી એ નસીબની વાત છે,
મૃત્યુ મળવું એ સમયની વાત છે,
મૃત્યુ પછી પણ સૌના દિલમાં જીવતા રહેવું
એ જીવનમાં કરેલા સત્કાર્યની વાત છે.
પ્રભુ આપના દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે એજ પ્રાર્થના.

લિ.

પટેલ રાજાભાઈ રામાભાઈ
પટેલ ભેમાભાઈ રામાભાઈ
પટેલ ગોવિંદભાઈ વિસાભાઈ
પટેલ અણદાભાઈ રામાભાઈ
ચેરમેનશ્રી, માર્કેટયાર્ડ-થરા
પટેલ શંકરભાઈ રામાભાઈ

તથા સમસ્ત પરિવાર
મુ.ખસા, તા.કાંકરેજ, જિ.બનાસકાંઠા

## શ્રધ્ધાંજલિ



સ્વ.ભારમલભાઈ દેવસીભાઈ પટેલ
(મુ.ખોડા, તા.કાંકરેજ)
સ્વ.તા.૨૩/૦૩/૨૦૨૦ ને સોમવાર

જીવનભર પરિશ્રમના દિવસો વિતાવી જીવન રૂપી જ્યોત અને ચંદન સમુ જીવન જીવી શુન્યમાંથી સર્જન કરી સૌના માટે ફુલો પાથરનાર, નિષ્ઠાવાન એવા અમારા ભાઈને પરમ કૃપાળું પરમાત્મા શાંતિ આપે અને સ્વર્ગમાં તેમનો વાસ થાય તેવી પ્રાર્થના સહ હૃદયથી શ્રધ્ધાંજલિ...

લિ.

ચૌધરી દઝાભાઈ જવાભાઈ (કાકા)
ચૌધરી ભગવાનભાઈ સાંમતાભાઈ (કાકા)
ચૌધરી માનસુંગભાઈ કમાભાઈ (કાકા)
ચૌધરી વાઘાભાઈ શીવાભાઈ (ભાઈ)
ચૌધરી મલાભાઈ શીવાભાઈ (ભાઈ)
ચૌધરી વિરમાભાઈ કાળાભાઈ (ભાઈ)
ચૌધરી ચેલાભાઈ દેવસીભાઈ (ભાઈ)
ચૌધરી બ્રિજેશભાઈ ભારમલભાઈ (પુત્ર)
ચૌધરી ભરતભાઈ ભગવાનભાઈ (ભાઈ)
ચૌધરી રમેશભાઈ ભગવાનભાઈ (ભાઈ)
પટેલ સાત્વિકભાઈ ચેલાભાઈ (ભત્રીજા)
ચૌધરી ઉર્વકુમાર ચેલાભાઈ (ભત્રીજા)

તથા સમસ્ત પરિવાર, મુ.ખોડા, તા.કાંકરેજ

## કોલ્ડ સ્ટોરેજ ભાડેથી જોઈએ છે

બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. બનાસડેરી - પાલનપુરને માખણ (બટર) સંગ્રહ કરવા માટે કોલ્ડ સ્ટોર ભાડેથી જોઈએ છે.

માખણ (બટર) માટે પાલનપુરથી આશરે ૨૫ કિ.મી. ત્રિજયામાં અંદાજીત ૪૦૦૦ મે.ટનની ક્ષમતા સુધીનો કોલ્ડ સ્ટોર નવ માસ માટે ભાડેથી જોઈએ છે.

ઉપરોક્ત જગ્યા કરતાં ઓછી જગ્યાવાળા કોલ્ડ સ્ટોરેજ (૧૦૦૦ મે.ટન, ૨૦૦૦ મે.ટન, ૩૦૦૦ મે.ટન, ૪૦૦૦ મે.ટન) ના માલિકો ટેન્ડર ભરી શકશે. એક સ્થળે વધારે જથ્થામાં આવેલ કોલ્ડ સ્ટોરેજને પ્રાથમિકતા આપવામાં આવશે.

કોલ્ડ સ્ટોર માલિકોએ તા.૦૪/૦૪/૨૦૨૦ ના બપોરના ૧૨.૦૦ કલાક સુધી સંઘના વહીવટ વિભાગમાંથી ટેન્ડરર કોપી રૂા.૫૦૦/- જમા કરાવી મેળવી લેવાની રહેશે. ટેન્ડર કોપીમાં પોતાની માસીક ભાડાની ઓફર ભરી ટેન્ડર ડીપોઝીટ રૂા.૧૦,૦૦૦/- નો બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. - પાલનપુરના નામનો ડી.ડી. સાથે તા.૦૪/૦૪/૨૦૨૦ ના રોજ ૧૫-૦૦ કલાક સુધી સંઘમાં વહીવટ વિભાગમાં જમા કરાવવાના રહેશે.

ટેન્ડર કોપી સંઘની વેબસાઈટ www.banasdairy.coop પરથી ડાઉનલોડ કરી શકાશે. સાઈડ ઉપરથી ડાઉનલોડ કરેલ કોપી સાથે ટેન્ડર ડીપોઝીટ ઉપરાંત ટેન્ડર ફીના રૂા.૫૦૦/- નો ડી.ડી. સામેલ કરવાનો રહેશે. કોઈપણ ટેન્ડર મંજુર યા નામંજુર કરવાનો અધિકાર સંઘના ઈન્ચાર્જ મેનેજીંગ ડીરેકટરશ્રીને અબાધિત રહેશે.

- ઈન્ચાર્જ મેનેજીંગ ડીરેકટર